પાલનપુર-સિદ્ધપુર હાઈવે પર બે ટેન્કરોમાં ભીષણ આગ

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠા જિલ્લાના ધોરવાડા સુજાણપુર જે બનાસકાંઠાની સરહદે આવેલ ઈન્ડિયન ઓઈલ કોર્પો.ના ડેપો નજીક ડીઝલ ભરેલા બે ટેન્કરોમાં વેલ્ડીંગના તણખા પડતા અચાનક આગ લાગતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જ્યારે ઘટના સ્થળે આગ ઉપર કાબુ મેળવવા સિદ્ધપુર પાલનપુર પાટણ ડિસા અને ઊંઝાના ફાયર ફાયટરો દોડી આવ્યા હતા. આ આગમાં બન્ને ટેન્કરોના ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાંથી એકને અમદાવાદ રિફર કરાયો છે.

ઉત્તર ગુજરાતમાં ડીઝલ ઓઈલની કંપની (આઈ.ઓ.સી.)નો ડેપો છે ત્યાં કંપનીની હદમાં ભૂગર્ભમાં હજારો લિટર ઓઈલ અને ડિઝલ દબાયેલું છે. જ્યાંથી દરરોજ ટેન્કરો મારફતે આ જથ્થો સમગ્ર રાજ્યમાં પૂરો પાડવામાં આવે છે. આજે બપોરના દોઢેક કલાકે આઈ.ઓ.સી.થી થોડે દૂર ડીઝલ ભરેલા બે ટેન્કરો ઉભા હતા. ત્યારે બાજુમાં વેલ્ડીંગનું કામ ચાલતુ હોય તેના તણખાથી ટેન્કરના ટાયરમાં આગ લાગતા ધીમે ધીમે આ આગ બન્ને ટેન્કરોના પાછલા ટાયરોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. સમગ્ર વિસ્તારમાં આ ઘટનાથી ભારે દોડધામ મચી જવા પામી હતી ત્યારે દોડી આવેલા જુદા જુદા ફાયર ફાયટરના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. આ ઘટનામાં ઘવાયેલા ચાલકોને સિદ્ધપુર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં એકની હાલત વધુ ગંભીર જણાતા તેને અમદાવાદ સિવિલમાં ખસેડાયો હતો.

હાઈ-વે પર બનેલ આ બનાવને કારણે ટ્રાફિકનો ભારે ચક્કા જામ સર્જાયો હતો અને મહેસાણા, પાટણ અને બનાસકાંઠાના હાઈ-વે ટ્રાફિક પોલીસે મહામહેનતે પાંચ કલાક બાદ ટ્રાફિક ખુલ્લો કરાવ્યો હતો.

બાયડ તાલુકા બાર એસોસિએશનના હોદ્દેદારોની વરણી કરાઈ

બાયડ તા.૧૮

બાયડ તાલુકા બાર એસોસીયેશન ની મળેલી વાર્ષીક સાધારણ સભામાં બાયડ તાલુકા બાર એસોસીયેશન ના ૨૦૧૨ ના નવા વોર્ષ માટે હોદ્દેદારો ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે રણછોડ ભાઈ આર સોલંકી ઉપપ્રમુખ તરીકે અભેસીંહ ઝાલા મંતરી તરીકે વીજયસીંહ ડી.ચૌહાણ સહમંત્રી તરીકે સમીરખાન આર બલોચ ખજાનચી તરીકે અતુલભાઈ એચ.પટેલ અને આંતરીક ઓડીટર તરીકે વિનયકુમાર કોઠારી ની નીમણુક કરવામાં આવી હતી.

આ તમામ હોદ્દેદારો ની વરણી સર્વે એડવોકેટ મિત્રો એ હર્ષોઉલ્લાસ સાથે વધાવી લીધી હતી આ તમામ હોદ્દેદારો ને બાયડ ના વકીલ અદે સીહ ચૌહાણ કીરીટભાઈ ગોસ્વામી નટુભાઈ પટેલ વિનુભાઈ તેમજ તમામ વકીલ મીત્રો એ અભીનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં		
મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં		
ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

ડીસા શહેરનો વોર્ડ ૧૧ ગંદકીમાં ગરકાવ બનતાં લોકો ત્રાહીમામ

ડીસા, તા. ૧૮

ડીસા શહેરમાં ગંદકીનો પ્રશ્ન હલ કરવામાં નગરપાલિકા સરેઆમ નિષ્ફળ રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કચરાના ઢગલા અને ઉભરાતી ગટરો નગર પાલિકાના સફાઈ ખાતાની કુંભકર્ણ નીતીને ઉજાગર કરી રહી છે.ત્યારે ડીસાના વોર્ડ - ૧૧ માં સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે. જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત સર્જાઈ રહી છે.

ડીસા નગર પાલિકા વિસ્તારના વોર્ડ નં-૧૧ માં ગંદકીના પ્રશ્ને વારંવાર પાલિકામાં રજુઆત કરાઈ હોવા છતા આ સમસ્યાનો કોઈ ઉકેલ નહી આવતા લોકો કંટાળ્યા છે આ વિસ્તારમાં આવતા રાજપુર, ગવાડી, વાઘરીવાસ સહિત વોર્ડ ૧૧ ના તમામ વિસ્તારો ગંદકીથી ખદબદી રહ્યા છે. આ વિસ્તારોના રહિશોનું કહેવું છે. કે સફાઈ કર્મીઓની બેદરકારીને કારણે આ સમસ્યા રહી છે. સફાઈ વિભાગ પર તંત્રનો જાણે કે અંકુશજ ના હોય તેમ વારંવાર રજુઆતો કરવા છતા ઓફીસમાંથી જવાબ મળે છે કે તમારૂ કામ થઈ જશે પરંતુ કામ થતુજ નથી ગટરોમાં કચરો કઢાયા બાદ દિવસો સુધી જાહેર માર્ગો પર પડ્યો રહે છે. જેના કારણે તે દુર્ગંધ મારે છે.

ઝેરી મચ્છરોનો ઉપદ્રવ સર્જાય છે. અત્યારે ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે જો વોર્ડ ૧૧ માંથી કચરો અને ગંદકી દુર કરવામાં મહી આવે તો રોગચાળો ફાટી નીકળવાની દહેશત ઉભીથવા પામી છે. ત્યારે નગરપાલિકા આ બાબતની ગંભીર નોંધ લઈ વોર્ડ ૧૧ માં ગંદકીની સમસ્યા સત્વરે દુર કરવામાં આવે તેમ લોક માંગ પ્રવર્તિ રહી છે.

ધોળીવાવ ગામની કિશોરીએ ઝેરી દવા પી મોતને વ્હાલુ કર્યું

હિંમતનગર, તા. ૧૮

વિજયનગર તાલુકાના ધોળીવાવ ગામની એક કિશોરીએ ગતરોજ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી જતા સારવાર દરમિયાન હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં તેનું મોત નિપજ્યું હતું. વિજયનગર તાલુકાના ધોળીવાવ ગામના ફતાજી વડેરાની ૧૫ વર્ષીય દીકરી પ્રિયંકાએ અગમ્ય કારણોસર પોતાના જ ઘરમાં એકલાતાનો મોકો જોઈ ઝેરી દવા ગટગટાવી ગઈ હતી.

બાયડ તાલુકા વારેણા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

બાયડ તા.૧૮

બાયડ તાલુકા ની વારેણા પ્રાથમીક શાળામાં નવો પ્રવેશ લેનાર ભુલકાઓ નો શાળા પ્રવેશોત્સવ બાયડ તાલુકાની વારેણા પ્રાથમીક શાળા માં યોજાયો હતો આ પ્રસંગે શાળામમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી આર.એચ.શાહ બાયડ તાલુકા ભાજપા પ્રમુખ સી.આર.સી.હરેશભાઈ માજી જુથમંત્રી દુર્ગાબેન સરપંચશ્રી એસ.એમ.સી ના સભ્યો ડેરીના ચેરમેન તથા શાળા ના શિક્ષકો ઉપસ્થીત રહયા હતા આ શાળા ના આચાશ્રી ઝુબેદાબહેનજ મીરઝાં એ જણાવ્યુ હતુ કે આ શાળા પ્રવેશોત્સવ નીમિત્તે બાયડ ના માજી ધારાસભ્ય ડો મહેન્દ્રભાઈ પટેલે તેમના સ્વર્ગીય પુત્ર આદીત્ય અને મલ્હાર ના સ્મરણાર્થે તથા બાયડ ની સેવાભાવી સંસ્થા જાયન્ટસ ગ્રૂપ ઓફ બાયડ દ્વારા બાળકોને સ્કુલબેગ ની કીટ આપવામાં આવી હતી.

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતની બાંધકામ શાખામાં ભ્રષ્ટાચારની ઉગ્ર ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકામાં બાંધકામ શાખા દ્વારા કરવામાં આવી રહેલ વિકાસના કામોની અંદર કથિત ભ્રષ્ટાચાર થકી ખાયકી આચરવામાં આવી રહી છે.

ખેડબ્રહ્મા તાલુકાના બાંધકામ શાખા દ્વારા કરવામાં આવતા કામોની અંદર ગુણવત્તાની જગ્યાએ માત્ર ટકાવારી ઉપર જ કામો થતા હોઈ જેને લઈ આવા કામો પાછળ ખર્ચ કરવામાં આવતા કરોડો રૂપિયા વ્યર્થ થઈ રહ્યા છે. બાંધકામ શાખામાં ફરજ બજાવતા અધિકારીઓ ગુણવત્તાની ટકાવારીમાં જ રસ રાખતા હોય છે. જેને લી ભ્રષ્ટ એજન્સીઓ દ્વારા ગામડાઓમાં કરવામાં આવતા વિકાસના કામોની અંદર ભ્રષ્ટાચાર આચરી ગુણવત્તા વગરના કામો કરવામાં આવે છે. આવા કામોનું બાંધકામ થોડા સમયમાં જ તુટી જાય છે. જેની પાછળ કરવામાં આવતો ખર્ચ વ્યક્થ જતો હોય છે. કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો અને એજન્સીઓના માલિકોના ઘર ભરાતા હોય છે ત્યારે જિલ્લા કોલેટી કન્ટ્રોલ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તો કરોડો રૂપિયાનો ખર્ચ થતા આ કામોમાં ભ્રષ્ટાચારીઓ દ્વારા ગાબડાઓ પડી રહ્યા છે તેવી ચોંકાવનારી હકીકત બહાર આવી શકે તેમ છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે કોંગ્રેસના આઈ.ટી. સેલનો ટ્રેનીગ વર્કશોપ યોજાયો

બાયડ તા.૧૮

આજનો આ આધુનીક યુગ એ ઈન્ફર્મેશન ટેકનોલોજી નો યુગ ગણાઈ રહયો છે દિવસે ને દિવસે ઈન્ટરનેટ ના માધ્યમ દ્વારા અત્યારે હાઈટેક ટેકનોલોજી ના ઉપયોગ એ માણસ નુ કામ સરળ કરી દીધુ છે આવનારા ૨૧ મી સદીનો યુવ એ ઈન્ફર્મેશન ટેકનોલોજી નો ોયુગ ગણાશે ત્યારે આ ટેકનોલોજી સાથે કદમ મિલાવવા માટે કોગ્રે પક્ષે પણ ચુટણી નજીક આવતી હોઈ હાઈટેક પ્રચાર ની પધ્ધતી અપનાવી છે ત્યારે આ હાઈટેક

પ્રચા ર પધ્ધતી સાથે કદમ થી કદમ મીલાવી કોગ્રેસ પક્ષે આઈ.ટી.સેલ ની રચના કરી છે ત્યારે આઈ.ટી.સેલ ના હોદ્દેદારો ને પુરતી માહીતી મળી રહે તે માટે સાબરકાંઠા જીલ્લા ના હિંમતનગર મુકામે આઈ.ટી.સેલ ની એક દીવસ નો ટ્રેનીક વર્કશોપ ગુજરાત પ્રદેશ આઈ.ટી.સેલના ચેરમેન રોહન ગુપ્તા અને સેક્રેટરી અભીશાહ ની આગેવાની હેઠળ યોજાઈ ગયો હતો આ ટ્રેનીગ સેમીનાર માં સોસીયલ નેર્ટવકીગ સાઈટ જેવી કે ફેસબુક ,ટવીટર,ઓરકુટ વગેરે સાઈટ નો ઉપયોગ કરી કઈ રીતે ઈ પ્રચાર કરી શકાય અને તેનાથી શુ ફાયદા થાય તે વિશે ખાસ માહીતી અભી શાહ દ્વારા આપવા માં આવી હતી આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા મહીલા સેલ ના પ્રમુખ નીર્મળાબેન,હિંમતનગર નગરપાલિકા ના વિરોધપક્ષના નેતા ઈશાકભાઈ,હિંમતનગર શહેર કોગ્રેસ ના પ્રમુખ જગદીશભાઈ ,સાબરકાંઠા જીલ્લા યુથ કોગ્રેસ ના વનરાજસીંહ રાઠોડ ,કૃપાલ રાવલ ઈમરાન દાવડા પતેમજ સા.કાજીલ્લા ના મીડીયા સેલ ના કન્વીનર ફારુકભાઈ ખણુસીયા અને યુસુકભાઈ બચ્ચા તેમજ આઈ.ટી.સેલના પ્રમુખ ભાવીક જોષી,ઉપપ્રમુખ સમીર બલોચ,જીગ્નેશ ચૌહાણ તેમજ હિંમતનગર આઈ.ટી.સેલ ના પ્રમુખ અજયસીંહ તેમજ મોટી સંખ્યા માં આઈ.ટી.સેલના કાર્યકરો ઉપસ્થીત રહયા હતા.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની

સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન